# વાલ્મિકી રામાયણમાં વ્યાપાર રોજગાર

ડો. મીતા વ્યાસ, શામળદાસ આર્ટસ કોલેજ,ભાવનગર

વાલ્મિકી રામાયણ ભારતીય સાહિત્યમાં આદિ મહાકાવ્યના રૂપમાં પ્રખ્યાત છે. જે નૈતિક આદર્શના વિશાલ નિધિરૂપ છે. અનેક સદીઓથી આ મહાકાવ્ય એ ભારતીય સમાજના જીવનને પ્રભાવિત તેમજ આદર્શ ઉન્મુખ બનાવ્યું છે. પ્રાય: વિદ્વાનોએ રામાયણના ધાર્મિક તેમજ નૈતિકરૂપને જ ભારતીય જનજીવનમાં પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ સુક્ષ્મ દ્રષ્ટિએ રામાયણનું અધ્યયન કરતાં જણાય છે કે, પ્રાચીન આર્યોના સામાજીક, આર્થિક, રાજનૈતિક ક્ષેત્રમાં વ્યાપાર - રોજગારને આધાર બનાવીને સાધવામાં આવી છે. સંસારના મહાન રાષ્ટ્રોમાં મહત્વપૂર્ણ પરિવર્તન અને સુધારણા થયા છે. તે કોઇનાથી અજાણ નથી. શ્રમજીવી વર્ગની તરફનો સામાજીક, રાજનૈતિક અત્યાચાર, ઉપેક્ષા અને અમાનવીય વ્યવહારના પરિણામરૂપ જે રકતપૂર્ણ ક્રાંતિઓ થઇ છે અને હાલમાં પણ થાય છે તેનાથી વિશ્વ પરિચિત છે. આ સમગ્ર પરિસ્થિતિથી રામાયણકાલીન સમાજ કેવી રીતે મુકત રહી શકયો તેની રૂપરેખા દર્શાવીએ જ આ શોધપત્રમાં પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે.

સામાજિક જીવનમાં વ્યાપાર - રોજગારની વિવિધતાને કારણે શ્રમજીવીઓનો એક મોટો વર્ગ પ્રાચીન કાળમાં પણ જોવા મળે છે. ભારત એક કૃષિપ્રધાન દેશ છે. રામાયણમાં વર્ણાવેલ કૃષિજીવનની વિશેષ સ્થિતિની ઝાંખી થાય છે. રામાયણ સમાજમાં ખેતી ઉતમ વ્યવસાય મનાતો, ખેતી પર શ્રમ કરનાર શ્રમિક પ્રતિષ્ઠાપાત્ર ગણાતો. વાલ્મિકી રામાયણ પૂર્વે ઋગ્વેદ ખેતીને ઉચ્ચ સ્થાન હતુ. अक्षसूक्त માં ઋષિ જુગારીને કહે છે તું રમવાનુ છોડી દે. ખેતીના કાર્યમાં ધ્યાન આપ જેનાથી તું સમૃદ્ધ બનીશ.(ऋ.वे.१०-३४-१३) વેદકાળ પછી ધીમે - ધીમે ખેતી પ્રત્યેનો આદર ઓછો થતો ગયો. જેમકે સૂત્રયુગમાં કૃષિને યોગ્ય સન્માન આપવામાં આવ્યું નથી.

वेदः कृषिविनाशाय कृषिर्वेदविना ।
शक्तिमानुभयं कुर्यात अशक्तस्तु कृषि त्यजेत ।।

"बौधायन धर्मसूत्र १-५-३२"

વેદ ભણશો તો કૃષિ નાશ થશે અને કૃષિ કરશો તો વેદ અધ્યયનને હાનિ પહોંચશે. શકિત હોય તો બંને કરો અન્યથા કૃષિ છોડીને વેદ ભણવો જોઇએ.
વાલ્મિકી રામાયણના સમાજમાં કૃષિનું વિશેષ મહત્વ જોવા મળે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય પણ કૃષિ કર્મનું ગૌરવ સમજતાં. અયોધ્યાકાંડના બત્રીસમાં સર્ગમાં ત્રિજટ નામનો બ્રાહ્મણ ખેતરમાં કોદાળી, હળ લઇને જાય છે. તેનું વર્ણન છે. રાજા જનક હળ ચલાવતાં દર્શાવ્યા છે. ચિત્રકૂટ પર ભરત - મિલાપ પ્રસંગે રામ કુશલ - મંગલ પૂછતા કહે છે કે, कच्चिते दयिताः सर्वे कृषिगोरक्षजीविनः । (अयो.१००-४७) આના પરથી સ્પષ્ટ થાય છે કે કૃષિજીવી શ્રમિકોનું સન્માનજનક સ્થાન રામાયણમાં હતું. કૃષિકર્મની ઉપરાંત રામાયણમાં -

चर्मकृत - ચમાર

कर्मान्तिक - મજૂર, દાસ - દાસી

खनक - જમીન ખોદકામ કરનાર

कुम्भकार - કુંભાર

काकलिक - લાકડા કાપવાવાળા

मार्गशोधक - સડક બનાવવાવાળા

परिचारक - દારનોકર

रजक - ધોબી

सूत्रकर्मविशारद - વણકર

सूद - રસોઇઓ

श्मश्रवर्धक - વાળંદ

વગેરે અનેક શ્રમજીવીઓના નામોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ લોકો પ્રાય: વૈશ્ય – શૂદ્ર વર્ણના પરિવારમાંથી આવે છે. રામાયણનાં પૂર્વકાળમાં આ વ્યવસાયને નિમ્ન દ્રષ્ટિએ જોવાતા હતા. પરંતુ રામાયણ કાળમાં આ ધારામાં પર્યાપ્તરૂપમાં પરિવર્તનની દ્રષ્ટિ ઉધોગના અભિગમો જોવા મળે છે. જીવનનું નૈતિક સ્તર આ કાળમાં ઉચ્ચસ્તરે જોવા મળે છે. જેને કારણે જન્માશ્રિત જાતિવાદ કરતાં માનવતાવાદી કર્મશીલતા નિહાળી શકાય છે. આ સમયે ચારેય વર્ણો પરંપરાગત વ્યવસાયમાં રત રહીને પણ વ્યવસાયગત શ્રેષ્ઠતાને કારણે અંદરોઅંદરના કલહથી દુર હતા. રામ વનમાં શબરીનાં આશ્રમમાં પ્રવેશ કરે છે. ત્યારે **तपोधने** સંબોધન કરીને સન્માન આપે છે. ઉચ્ચવર્ણના લોકો જ પ્રાપ્ત કરી શકે એવા સ્વર્ગલોકની અધિકારી શબરીને બનાવી. એવી જ રીતે વૈશ્ય જાતિના અંધમુનિ સ્વર્ગલોકના અધિકારી દર્શાવ્યા છે.

વાલ્મીકિ રામાયણમાં વ્યવસાયી – રોજગારને ધૃણાની દ્રષ્ટિએ નહિ પણ આદરપૂર્ણ સ્થાનથી જોવામાં આવતાં રામ વનવાસ સમયે ચિત્રકૂટ જતાં ભરત સાથે વિશાળ જનસમૂહમાં ચતુર કુંભાર, વણકર, શસ્ત્ર – વ્યવસાયી, આરા ચલાવનાર, મોતીમાં છેદ પાડનાર, રંગારા, હાથી – દાંત પર કામ કરનાર, ચૂનો ધોળનાર, સોની,ધોબી, દરજી વગેરેની અનેક વ્યવસાયીના દળ જોડાયેલા હતા. ઉચ્ચવર્ગની જેમ જ આ વ્યવસાયીઓની વેશભૂષા અત્યંત સુંદર હતી. તેમના વસ્ત્ર સ્વચ્છ હતા અને એમના શરીર પર લાલ ચંદનનો લેપ હતો. (અયો. ૮૬ – ૧૬) આ વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયે વ્યવસાયથી રોજી – રોટી કમાતા લોકોનું સ્થાન આદરપૂર્ણ ખુશહાલ હતું. માત્ર સામાન્ય જનતા જ નહી રાજા પણ તેના આદર કરતાં. તે સમયે તેમનું સંગઠન પણ જોવા મળતું. શ્રમિકો અને શિલ્પીઓના સંઘ અસ્તિત્વમાં હતા. આવા અનેક સંઘોના સામૂહિક સંગઠનને 'નૈગમ' તરીકે ઓળખતા. સામાજિક સભાઓ તેમજ રાજદરબારમાં નૈગમને વિશેષ આદર અપાતો. રામ – રાજયાભિષેકમાં , રામને નૈગમોએ અભિષિકત કર્યા હતા. (લંકાકાંડ ૧૩૧ – ૬૨)

વાલ્મીકી રામાયણનો યુગ ચોકકસ મુડીયુગ હતો. પરંતુ વ્યવસાયી – શ્રમિકવર્ગ પ્રત્યે કયાંય કટુતા જોવા મળતી નહિ. નૈતિક સ્તરની ઉચ્ચતાને કારણે ધન અહંકાર જોવા મળતો નહિ, પ્રજા ધનને નહિ, માનવતાને મહત્વ દેતી હતી. ધન આધારિત સામાજિક શ્રેષ્ઠતા સંઘર્ષ, અશાંતિ, કલહ, અત્યાચારને જન્મ આપે છે. જયારે રામાયણમાં ઉત્સવ સમયે ધનીકો, રાજાઓ પોતાના ધન ભંડારો નિર્ધનમાં વહેંચી દઈ સ્વયં નિર્ધન બની ગયાના ઉદાહરણ છે. જેમકે રઘુ. આથી કહી શકાય કે તત્કાલીન સમયે ધન મંદાધતા નહોતી પરંતુ માનવ સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કરાતો. ભરત કૌશલ્યાને કહે છે કે, 'જો મારી સંમતિથી રામ વનમાં ગયા હોત તો મને એ પાપ લાગે કે જે ધનિકને લાગે છે. જે પોતાના નોકરને ખવરાવ્યા વગર સ્વયં ખાય છે અને કોઈ કારણ વગર પોતાન દ્વારમાંથી કાઢી મૂકે છે. (અયો. ૭૫-૩૪). ભરતના આ વાકયમાં માનવની માનવ પ્રત્યેની સહૃદયતા,ઋજુતાની ઝલક જોવા મળે છે.

વાલ્મીકી રામાયણમાં પ્રાપ્ત થતાં આવા અનેક ઉદાહરણોથી એ સાબિત થાય છે કે નૈતિક સ્તરની ઉચ્ચતાને કારણે અને માનવતાની ભાવનાને કારણે તત્કાલીન સમાજમાં વ્યવસાયી – રોજગારનું સ્થાન તેના પૂર્વકાળ અને ઉતરકાળની અપેક્ષાએ નિશ્ચિત રૂપે શ્રેષ્ઠતમ હતું.

લેખક: પ્રા. ડો. મીતા જે. વ્યાસ,અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ,ભાવનગર – ૩૬૪૦૦૧